Seat No. : _______________

# MC-107

**March-2025**

**B.A., Sem.-V**

**CC-302 : Gujarati**

**(ભાષાવિજ્ઞાન અને ગુજરાતી ભાષાનો પરિચય)**

**Time : 2½ Hours]** **[Max. Marks : 70**

1. ભાષાની વિવિધ વ્યાખ્યાઓ આપી, ભાષાના મુખ્ય લક્ષણોનો વિગતે પરિચય કરાવો. **14**

**અથવા**

1. ટૂંકી નોંધ લખો : **14**
   (1) ભાષાના વિવિધ ઉપયોગો
   (2) ભાષાના સામાજિક, સાંસ્કૃતિક, પ્રાસંગિક સ્વરૂપ ભેદો

2. ઉચ્ચારણ પ્રક્રિયાના અવયવો જણાવી, ગુજરાતી ભાષાની ઉચ્ચારણ પ્રક્રિયા સમજાવો. **14**

**અથવા**

2. ટૂંકી નોંધ લખો : **14**
   (1) ભાષા વ્યવસ્થાના વિવિધ સ્તરો
   (2) ગુજરાતી ભાષાના સ્પર્શ વ્યંજનો

3. ઉચ્ચારણગત, વ્યાકરણગત અને શબ્દભંડોળગત લાક્ષણિકતાઓને આધારે સૌરાષ્ટ્રી બોલી અથવા દક્ષિણ ગુજરાતની સુરતી બોલી એ બેમાંથી કોઈપણ એક બોલીનો વિગતે પરિચય કરાવો. **14**

**અથવા**

3. ટૂંકી નોંધ લખો : **14**
   (1) માન્ય ભાષા અને બોલી વચ્ચેનો તફાવત
   (2) પટ્ટણી બોલીની ઉચ્ચારણ વિષયક લાક્ષણિકતાઓ

4. ભારતીય ભાષાકુળો વિશે સવિસ્તાર ચર્ચા કરો. **14**

**અથવા**

4. ભારતીય આર્ય ભાષાની વિકાસરેખાના ત્રણ તબક્કાઓનો પરિચય આપો. **14**

5. નીચે આપેલા હેતુલક્ષી પ્રશ્નોમાંથી માગ્યા પ્રમાણે વિકલ્પ શોધીને સાચો જવાબ લખો : (કોઈપણ **સાત**) **14**
   (1) ડૉક્ટરો, વકીલો, વેપારીઓની ભાષા કયા પ્રકારનો ભાષાભેદ છે ?
      (a) સામાજિક (b) પ્રાસંગિક
      (c) વ્યાવસાયિક (d) આપેલ ત્રણમાંથી એકેય નહિ
   (2) નીચેનામાંથી કયું વિધાન ખોટું છે ?
      (a) જન્મથી બહેરું બાળક સાંભળતું નથી, પણ બોલી શકે છે.
      (b) બાળક લિપિ શીખ્યા પછી ભાષા બોલે છે.
      (c) ભાષા એ માનવીની આનુવંશિક વિશેષતા છે.
      (d) આપેલ (a), (b) અને (c) ત્રણેય વિધાન ખોટાં છે.

(3) ગુપ્ત કે સાંકેતિક બોલીને બીજા કયા નામે ઓળખવામાં આવે છે ?

(a) પ્રાદેશિક બોલી (b) પારસી બોલી

(c) ભીલી બોલી (d) આપેલ ત્રણમાંથી એકેય નહિ

(4) ભાષાનો સૌથી નાનામાં નાનો ઘટક, જે પોતે અર્થ ધરાવતો નથી, પણ અર્થભેદ કરે છે, તેનું નામ જણાવો.

(a) રૂપઘટક (b) વાક્યઘટક

(c) ઉક્તિઘટક (d) આપેલ ત્રણમાંથી એકેય નહિ

(5) નીચેનામાંથી મૂર્ધન્ય, સ્પર્શવ્યંજન, નિરનુનાસિક, અઘોષ અને અલ્પપ્રાણ ધ્વનિ કયો છે ?

(a) ટ (b) ઠ

(c) ડ (d) આપેલ ત્રણમાંથી એકેય નહિ

(6) ઉચ્ચારણના બે અંગો પાસ પાસે આવે; પૂરો સ્પર્શ ન થાય ત્યારે એ બે અંગો વચ્ચે નાનકડું છિદ્ર રચાય, ફેફસામાંથી બહાર આવતી હવા અવરોધાઈને આ સાંકડા માર્ગમાંથી (છિદ્રમાંથી) ઘસારો થતા સિસકારા સાથે હવા બહાર આવે તે વખતે કયા ધ્વનિ ઉચ્ચારાય છે ?

(a) સ્પર્શ (b) સ્વર

(c) સંઘર્ષી (d) આપેલ ત્રણમાંથી એકેય નહિ

(7) નીચેનામાંથી ગુજરાતની કઈ માન્ય બોલીમાં આફ્રિકાની સ્વાહિલી ભાષાના શબ્દો મળી આવે છે ?

(a) ચરોતરી (b) પટ્ટણી

(c) સૌરાષ્ટ્રી (d) આપેલ ત્રણમાંથી એકેય નહિ

(8) પટ્ટણી બોલી ગુજરાતના કયા ભાગમાં બોલાય છે ?

(a) પૂર્વ (b) પશ્ચિમ

(c) દક્ષિણ (d) આપેલ ત્રણમાંથી એકેય નહિ

(9) તાપી, નવસારી અને વલસાડ જિલ્લામાં કઈ બોલી બોલાય છે ?

(a) પટ્ટણી (b) સુરતી

(c) ચરોતરી (d) આપેલ ત્રણમાંથી એકેય નહિ

(10) "એ ગગી, અથરી થા મા ! ઈંમાં તો લખાણું હોય ઈંમ જ થાહે!" – આ વાક્યમાં કઈ બોલીનો પ્રચુર માત્રામાં ઉપયોગ થયો છે ?

(a) સૌરાષ્ટ્રી બોલી (b) ચરોતરી બોલી

(c) સુરતી બોલી (d) આપેલ ત્રણમાંથી એકેય નહિ

(11) અશોકના શિલાલેખોમાં જોવા મળતી ભાષાઓ કયા સમયગાળાની છે ?

(a) પૂર્વકાલીન પ્રાકૃત (b) અંતિમ પ્રાકૃત

(c) અપભ્રંશ (d) આપેલ ત્રણમાંથી એકેય નહિ

(12) નીચેનામાંથી કયું વિધાન સાચું છે ?

(a) ઉમાશંકર જોશીએ પ્રાચીન ગુજરાતને 'મારું-ગુર્જર' નામે ઓળખાવી છે.

(b) ભારતીય આર્ય ભાષાનો જૂનામાં જૂનો નમૂનો ઋગ્વેદ ગ્રંથમાં મળે છે.

(c) દ્રાવિડ કુળની ભાષામાં સૌથી પ્રાચીન ભાષા તમિલ છે.

(d) આપેલ (a), (b) અને (c) ત્રણેય વિધાન સાચાં છે.

---